**રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના બાકી લાભો આપવા બાબત**

*** 15/4/863 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**(લુણાવાડા): **પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૦૯ (અગ્રતા–૭૩)ના અનુસંધાને માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણના બાકી લાભો બાબતો માટેની પ્રક્રિયા ચાલી રહેલ હતી તે પૈકી કયા લાભો ક્યારે આપવામાં આવ્યા, | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણના બાકી લાભો બાબતો માટેની પ્રક્રિયા ચાલી રહેલ હતી તે પૈકી કોઈ લાભો આપવામાં આવેલ નથી. |
| (૨) | ઉકત સ્થિતિએ સાતમા પગારપંચના અમલીકરણના બાકી રહેતા કયા લાભો આપવાના બાકી છે, અને | (૨) | ચાર્જ એલાઉન્સ, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત વગેરે જેવા અન્ય લાભો સાતમા પગારપંચના અમલીકરણ અન્વયે આપવાના બાકી છે. |
| (૩) | ઉકત બાકી લાભો હજી સુધી ન આપવાના મુખ્ય કારણો શા છે? | (૩) | ઉકત લાભો આપવા બાબતમાં, નાણા વિભાગના ઠરાવોથી “અધિકારીઓની સમિતિ” અને “મંત્રીમંડળની પેટા સમિતિ” ની રચના કરવામાં આવેલ છે. આ સમિતિઓની ભલામણ બાદ, રાજ્ય સરકાર દ્વારા તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે. |

------------------